# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-02-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ઇઝરાયલના પ્રધાનમંત્રી વચ્ચે આજે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો થશે.**
2. **કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે કહ્યું, ભારતે કરેલા 9 મુક્ત વેપાર કરારથી ભારતીય વસ્તુ અને સેવાઓને વ્યાપક બજાર મળ્યું.**
3. **ચૂંટણી પંચે 10 રાજ્યોની 37 રાજ્યસભા બેઠકોની ચૂંટણી માટે જાહેરનામું બહાર પાડ્યું.**
4. **સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદમાં ભારતે પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો.**
5. **ICC પુરુષ T-20 ક્રિકેટ વિશ્વ કપમાં, આજે ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે મુકાબલો.**

,,..................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# DAY PM-ISRAEL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ સાથે આજે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરશે. શ્રી મોદી આજે જેરુસલેમમાં યાદ વાશેમની મુલાકાત દરમિયાન હોલોકોસ્ટ પીડિતોને શ્રદ્ધાંજલિ આપશે અને પ્રાર્થના સેવામાં ભાગ લેશે.

શ્રી મોદીએ તેલ અવીવમાં ઇઝરાયલના પ્રધાનમંત્રી સાથે વાતચીત કરી હતી. બંને નેતાઓએ જળ વ્યવસ્થાપન, કૃષિ, ટેકનોલોજી અને અન્ય ક્ષેત્રો સહિત દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા અંગે ચર્ચા કરી હતી.

દરમિયાન શ્રી મોદીએ ઇઝરાયલી સંસદ, નેસેટમાં સંબોધન કર્યું હતું. શ્રી મોદીએ પોતાના સંબોધનમાં જણાવ્યું કે આતંકવાદ સામેની લડાઈમાં ભારત ઇઝરાયલની સાથે મજબૂતી અને વિશ્વાસપૂર્વક ઉભું છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે આતંકવાદ, ગમે ત્યાં હોય, શાંતિ માટે ખતરો ઉભો કરે છે અને આ ખતરાનો સામનો કરવા માટે ભારતની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

**(BYTE – PM ON Terrorism)**

શ્રી મોદીએ ભારતના ઝડપી આર્થિક વિકાસ પર પણ ભાર મૂક્યો હતો અને જણાવ્યું હતું કે ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવા માટે તૈયાર છે.

શ્રી મોદીને બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોને મજબૂત બનાવવામાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ ઇઝરાયલી સંસદના સર્વોચ્ચ સન્માન સ્પીકર ઓફ ધ નેસેટ મેડલ થી નવાજવામાં આવ્યા હતા. તેઓ આ પુરસ્કાર મેળવનારા પ્રથમ ભારતીય પ્રધાનમંત્રી છે.

મુલાકાતના અંતિમ તબક્કામાં, પ્રધાનમંત્રી મોદી ભારતીય મૂળના યહૂદી સમુદાયના સભ્યો સાથે પણ વાતચીત કરશે.

. . . . . . . . . . . . . . .

## GOYAL ENTREPRENEUR

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું, ભારતની યુવાશક્તિ અને નવીનતા માળખું દેશની વિકાસગાથાને આગળ ધપાવી રહ્યુ છે. તેમણે મુંબઈમાં EY આંત્રપ્રેન્યોર ઓફ ધ યર એવોર્ડ્સમાં મુખ્ય ભાષણ આપતા આ વાત કહી હતી.

તેમણે કહ્યું કે, જુસ્સો, નવીનતા અને કુશળ માનવશક્તિ ભારતની સૌથી મોટી સ્પર્ધાત્મક શક્તિ છે. શ્રી ગોયલે ઉમેર્યું, નવી દિલ્હીમાં તાજેતરમાં યોજાયેલી AI સમિટ દરમિયાન, મજબૂત વૈશ્વિક પ્રતિભાવ ભારતના ટેકનોલોજી ઇકોસિસ્ટમની ઊંડાઈ અને પરિપક્વતાને પ્રતિબિંબિત કરે છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, AI દ્વારા રોજગારીનું સ્વરૂપ બદલાઇ જશે. શ્રી ગોયલે કહ્યું, ભારતે 38 દેશોને આવરી લેતા નવ મુક્ત વેપાર કરારો પર હસ્તાક્ષર કર્યા છે, જે ભારતીય વસ્તુ અને સેવાઓ માટે વ્યાપક બજાર પ્રદાન કરે છે.

. . . . . . . . . . . . . . . . . .

## EC - RS POLLS NOTIFICATION

ચૂંટણી પંચે 10 રાજ્યોની 37 રાજ્યસભા બેઠકોની ચૂંટણી માટે જાહેરનામું બહાર પાડ્યું છે. આજથી 5 માર્ચ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે. આગામી 16 માર્ચે મતદાન યોજાશે. મહારાષ્ટ્રમાં રાજ્યસભાની

સાત બેઠકો, તમિલનાડુમાં છ, બિહાર અને પશ્ચિમ બંગાળમાં પાંચ-પાંચ, ઓડિશામાં ચાર, આસામમાં ત્રણ, તેલંગાણા, છત્તીસગઢ અને હરિયાણામાં બે-બે બેઠકો અને હિમાચલ પ્રદેશમાં એક બેઠક ખાલી પડી છે.

કેન્દ્રીય મંત્રીઓ રામનાથ ઠાકુર અને રામદાસ આઠવલે, રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશ, **NCP-SP** નેતા શરદ પવાર, **RLM** નેતા ઉપેન્દ્ર કુશવાહા, કોંગ્રેસ નેતા અભિષેક મનુ સિંઘવી, **AIADMK** નેતા એમ થંબીદુરાઈ અને **DMK** નેતા તિરુચી શિવનો કાર્યકાળ પૂર્ણ થઇ રહ્યો છે.

ચૂંટણી પંચે નિર્દેશ આપ્યો છે કે ચૂંટણી અધિકારી દ્વારા પૂરા પાડવામાં આવેલ પૂર્વ-નિશ્ચિત સ્પષ્ટીકરણમાં ફક્ત સંકલિત વાયોલેટ રંગની સ્કેચ પેનનો ઉપયોગ મતપત્ર પર પસંદગીઓને ચિહ્નિત કરવા માટે કરાશે. અન્ય કોઈ પેનનો ઉપયોગ કરાશે નહીં.

. . . . . . . . . . . . . . . . . .

## CEC - TN

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર, ચૂંટણી કમિશનર ડૉ. સુખબીર સિંહ સંધુ અને ડૉ. વિવેક જોશી આજથી બે દિવસની મુલાકાતે ચેન્નાઈ જશે. તેઓ આગામી તમિલનાડુની આગામી વિધાનસભા ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરશે અને જિલ્લા કલેક્ટરો, પોલીસ અધિકારીઓ અને રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરશે.

ખાસ સઘન સુધારણા – **SIR** અંતર્ગત થોડા દિવસ પહેલા જાહેર કરાયેલી મતદાર યાદીમાં રાજ્યમાં કુલ **5** કરોડ **67** લાખ મતદારો નોંધાયા છે. **2024**માં છેલ્લી સંસદીય ચૂંટણીમાં **6** કરોડ **27** લાખ જ્યારે **2021**માં વિધાનસભા ચૂંટણીમાં **6** કરોડ **62** લાખ મતદારો નોંધાયા હતા.

. . . . . . . . . . . . . . . . . .

## CANADA PM VISIT

કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્ની, આવતીકાલથી 2 માર્ચ સુધી ભારતની સત્તાવાર મુલાકાતે આવશે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે પ્રધાનમંત્રી કાર્ની આવતીકાલે મુંબઈ પહોંચશે અને બે દિવસ દરમિયાન તેઓ અલગ-અલગ વ્યાપારિક કાર્યક્રમોમાં ભાગ લેશે. તેઓ ભારતીય અને કેનેડિયન સીઈઓ, ઉદ્યોગ અને નાણાકીય નિષ્ણાતો, શિક્ષકો તેમજ ભારત સ્થિત કેનેડિયન પેન્શન ફંડ્સ સાથે વાતચીત કરશે.

પ્રધાનમંત્રી કાર્ની 1 માર્ચે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરશે. બંને નેતાઓ ભારત-કેનેડા સીઈઓ ફોરમમાં હાજરી આપશે.

. . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## DAY PM HM DM- VEER SAVARKAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે આજે મહાન ક્રાંતિકારી સ્વાતંત્ર્ય સેનાની વીર સાવરકરને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે, વીર સાવરકરે દેશને ગુલામીના બંધનમાંથી મુક્ત કરવા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું.

## (બાઈટ – નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)

ગૃહમંત્રીએ કહ્યું કે, વીર સાવરકર સ્વતંત્રતા ચળવળના એવા નાયકોમાંના એક હતા જેમણે બ્રિટિશ શાસનથી સ્વતંત્રતા અને સાંસ્કૃતિક સ્વતંત્રતા માટે એકસાથે લડત આપી હતી.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે કહ્યું કે, વીર સાવરકરનું અદમ્ય સાહસ, અપ્રતિમ બલિદાન અને દેશ પ્રત્યેનું અતૂટ સમર્પણ ભારતના સ્વતંત્રતા સંગ્રામનું એક ગૌરવશાળી પ્રકરણ છે.

. . . . . . . . . . . . . . . . . .

## VAISHNAW-CONCLAVE

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, જે વ્યક્તિના ચહેરા, અવાજ અથવા વ્યક્તિત્વનો ઉપયોગ સામગ્રી બનાવવા માટે કરવામાં આવ્યો હોય તેની સંમતિ વિના કૃત્રિમ સામગ્રી જનરેટ ન કરવી જોઈએ. તેમણે આજે સવારે નવી દિલ્હીમાં એક કોન્ક્લેવને સંબોધતા આ નિવેદન આપ્યું હતું.

શ્રી વૈષ્ણવે કહ્યું કે, મંચે તેમના દ્વારા હોસ્ટ કરવામાં આવતી સામગ્રીની જવાબદારી લેવી જોઈએ. તેમણે ઉમેર્યું કે નાગરિકો અને બાળકોની ઓનલાઈન સલામતી એ જે-તે મંચની જવાબદારી છે.

શ્રી વૈષ્ણવે કહ્યું કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ તેઓ જે સામગ્રી પ્રદાન કરે છે તેની જવાબદારી લેવી જોઇએ.

. . . . . . . . . . . . . . . . . .

## MAOISTS ENCOUNTER CHHATTISGARH

છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં બે માઓવાદીઓ માર્યા ગયા. ઘટનાસ્થળેથી ત્રણ બંદૂક અને અન્ય શસ્ત્રો જપ્ત કરવામાં આવ્યા છે.

જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. જિતેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે, બીજાપુરના ઇન્દ્રાવતી નદી વિસ્તારમાં માઓવાદીઓની હાજરીની માહિતી મળ્યા બાદ સુરક્ષા દળોની સંયુક્ત ટીમે શોધ અભિયાન શરૂ કર્યું હતું. આ દરમિયાન, માઓવાદીઓએ સુરક્ષા ટીમ પર ગોળીબાર કર્યો. સુરક્ષા દળો દ્વારા કરાયેલી જવાબી કાર્યવાહીમાં, બે માઓવાદીઓને ઠાર કરાયા. વિસ્તારમાં હજુ શોધ અભિયાન ચાલી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . .

## RAILWAYS - HOLI-FESTIVAL

રેલ્વેએ હોળી દરમિયાન મુસાફરોની સંખ્યામાં અપેક્ષિત વધારાને ધ્યાનમાં રાખીને, 18 માર્ચ સુધી વિવિધ રેલ્વે ઝોનમાં 1 હજાર 244 વિશેષ ટ્રેન ફેરા ચલાવવાનો નિર્ણય કર્યો છે.

પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો એક અહેવાલ

**(બાઈટ - FARHAT-HOLI-TRAIN)**

. . . . . . . . . . . . . . .

## INDIA - UNHRC

23 ફેબ્રુઆરીથી 31 માર્ચ દરમિયાન જીનીવામાં યોજાઈ રહેલા સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદના ૬૧મા સત્રમાં ભારતે પાકિસ્તાનને કડક શબ્દોમાં ઠપકો આપ્યો. ભારતે ઇસ્લામાબાદ પર એવો પ્રચાર ફેલાવવાનો આરોપ લગાવ્યો કે જમ્મુ અને કાશ્મીરનો વિકાસ માર્ગ પાકિસ્તાનની આર્થિક મુશ્કેલીઓથી તદ્દન વિપરીત છે.

ગઈકાલે યોજાયેલા ઉચ્ચ-સ્તરીય સેગમેન્ટ દરમિયાન, ભારતના પ્રતિનિધિ અનુપમા સિંહે પાકિસ્તાન અને ઓર્ગેનાઇઝેશન ઓફ ઇસ્લામિક કોઓપરેશન દ્વારા કરાયેલા આરોપોને નકારવા માટે દેશના જવાબ આપવાના અધિકારનો ઉપયોગ કર્યો. શ્રીમતી સિંહે ભારતના લાંબા સમયથી રહેલા વલણનો પુનરોચ્ચાર કર્યો હતો કે જમ્મુ અને કાશ્મીર હંમેશા ભારતનો અભિન્ન અને અવિભાજ્ય ભાગ રહેશે.

ભારતીય પ્રતિનિધિએ કહ્યું કે આ પ્રદેશ અંગેનો એકમાત્ર બાકી વિવાદ પાકિસ્તાન દ્વારા ભારતીય પ્રદેશો પર ગેરકાયદેસર કબજો છે.

. . . . . . . . . . . . . . . . . .

## CRICKET T-20 CRIC. WC

ICC પુરુષ T-20 ક્રિકેટ વિશ્વ કપમાં, ચેન્નાઈના MA ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે સુપર 8 મુકાબલામાં આજે સાંજે ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે મેચ રમાશે. આ મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે. યજમાન ભારતે આજે

આ મેચ જીતવી જ પડશે. અને રવિવારે વેસ્ટ ઈન્ડિઝ સામેની તેમની છેલ્લી ગ્રુપ મેચમાં સેમિફાઇનલની આશા જીવંત રાખશે.

ગ્રુપ એકની બીજી મેચમાં, વેસ્ટ ઈન્ડિઝ આજે બપોરે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે. આ મેચ બપોરે 3 વાગ્યે શરૂ થશે.

. . . . . . . . . . . . . . . . .